### બનાસ ડેરીના પ્રાંગણમાં

# ૭૨માં પ્રજાસત્તાક દિન પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૭

રાષ્ટ્રના ૭૨માં પ્રજાસત્તાકદિન નિમિત્તે બનાસ ડેરી પ્રાંગણમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



હતો. આ પ્રસંગે ઉપસ્થિત બનાસ પરિવારને સંબોધતાં ચેરમેને જણાવ્યું હતું કે બનાસ પરિવાર પાસે ક્ષમતા, આવડત અને નિષ્ઠાનો સુભગ સમન્વય છે. પરિણામે, બનાસડેરી એશિયામાં નંબર વન છે. તેમણે ઉમેર્યું કે જેના ભાગમાં જે કામ આવે અને તે કામને સંપૂર્ણ નિષ્ઠાથી કરે તેજ સાચી દેશભક્તિ છે. તેમણે જણાવ્યું કે બનાસ ડેરી થકી ગ્રામીણ રોજગારી, પર્યાવરણ અને મહિલા સશક્તિકરણના કામોને વેગ મળી રહ્યો છે. ઉપસ્થિત બનાસ પરિવારને સંબોધતા તેમણે જણાવ્યું કે દુનિયાનો ડેરી ઉદ્યોગ ભારતમાં રહેલી વિશાળ તકોને ઝડપી લેવા આતુર છે તે સંજોગોમાં બનાસ ડેરી પણ અમૂલના માધ્યમથી તેમાં આગોતરૂ આયોજન કરીને દેશ અને દુનિયાની દૂધ અને દૂધની બનાવટોની માંગને ઝડપી લેવા સક્ષમ છે અને આવનારા ૧૦ થી ૨૦ વર્ષમાં આવી વિપુલ તકો સર્જાવાની છે ત્યારે તેનો મહત્તમ લાભ બનાસ મેળવશે તેવી મને શ્રધ્ધા છે.

**બનાસ પરિવાર પાસે ક્ષમતા, આવડત અને નિષ્ઠાનો સરવાળો છે: શંકરભાઈ ચૌધરી**

આ પ્રસંગે વા.ચેરમેન ભાવાજી રબારી, ડિરેક્ટર અને બનાસબેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, ડિરેક્ટર જોઈતાભાઈ પટેલ, દિનેશભાઈ ભટોળ, ભરતભાઈ પટેલ, ઈ.એમ.ડી.સંગ્રામભાઈ ચૌધરી સહિત સ્ટાફ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે પ્રજાસત્તાક પર્વની આનબાન શાનથી ઉજવણી

### તાલુકા સેવા સદન ખાતે તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી : નગરપાલિકા ખાતે પૂર્વ મંત્રી દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું : કોર્ટ સંકુલ, પોલીસ સ્ટેશન, હોમગાર્ડઝ યુનીટ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકામાં ૭૨ માં પ્ર જાસત્તાક પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા સેવા સદન ખાતે તાલુકા કક્ષા નો ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલ બા પઢેરીયા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરા , તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ , તાલુકા શિક્ષણાઅધિકારી કાળુસિંહ મકવાણા સહિત અધિકારીઓ કર્મચારીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં અને ધ્વજ ને સલામી આપી હતી તો કાર્યક્રમ ને અનુરૂપ પ્રાંન્ત અધિકારી સોનલ બા પઢેરીયા દ્વારા સંબોધન કર્યું હતું અને નગરજનો ને તથા પ્રાંતિજ તાલુકાના લોકો ને નંબર આવે ત્યારે કોવિડ - ૧૯ ની રસી લેવા અનુરોધ કર્યો હતો તો આ પ્રસંગે વુક્ષા રોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો .

પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર-૨ માં ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત બાબાસાહેબ આંબેડકર શોપીંગ સેન્ટર ખાતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ ના વરદ હસ્તે ધ્વજ વંદન




કરવામાં આવ્યું હતું તો ધ્વજ વંદન પહેલા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા બાબાસાહેબ આંબેડકર ના બાવડા ને ફુલહાર પહેરાવીને આશીર્વાદ લીધા હતા તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કોવિડ-૧૯ ની સારી કામગીરી બદલ આરોગ્ય કર્મચારીઓ તથા આશા વર્કર બહેનો ને ઉપસ્થિત પૂર્વ મંત્રી તથા મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા કરવામાં આવ્યા હતાં તો આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા , ઉપપ્રમુખ જગદીશભાઈ કિમતાણી , નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉર્મિલા બેન સુમેસરા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , ડૉ. એન.કે.ડેરિયા , ડૉ. હર્ષ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં તો આ પ્રસંગે નગરપાલિકાના કર્મચારીઓ તથા શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ના વિધાર્થીઓ સ્ટાફ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને ત્રિરંગા ને સલામી આપી હતી.

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ પ્રાંતિજ સિવિલ કોર્ટ ખાતે પણ કોટ સંકુલમાં ૨૬ મી જાન્યુઆરી ના રોજ ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રિન્સીપાલ સિનીયર સિવિલજજ એસ.કે.ગઢવી દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે એડીશનલ સિવિલ જજ એસ.એસ.પટેલ તેમજ એડીશનલ સિવિલ જજ બીજી સોલંકી ઉપસ્થિત રહ્યા હતા તો ધ્વજ વંદન બાદ એસ.કે.ગઢવી દ્વારા રાષ્ટ્રીય પર્વ અંતર્ગત ઉદબોધન આપ્યું હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ બાર એસોશીએશન પ્રમુખ-ઉપપ્રમુખસભ્યો સહિત વકીલો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પણ પ્રાંતિજ પીએસઆઈ એ.જે.ચાવડા ના માર્ગ દર્શન હેઠળ ૭૨ માં પ્રજાસત્તાક પર્વ ને લઈને ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્લોટુન કમાન્ડર કાલિદીબેન દ્વારા નિયત સમયે ધ્વજ વંદન નો આદેશ આપવામાં આવ્યો હતો અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ પટેલ દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો તો આ પ્રસંગે પ્રાંતિજ પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને રાષ્ટ્રધ્વજ ને સલામી આપી રાષ્ટ્રીય ગીત ગાઈને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો .

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ હોમગાર્ડઝ યુનીટ ની નવીન કચેરી ખાતે ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ ના તમામ હોમગાર્ડઝ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા તો હોમગાર્ડઝ કમાન્ડર મહેન્દ્રસિંહ રાઠોડ દ્વારા ગણતંત્ર દિવસ અંગેની ઉપસ્થિત હોમગાર્ડઝ જવાનો ને સમજણ આપી હતી .

# રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા પ્રૌઢ શિક્ષણ વર્ગનો પ્રારંભ

ડીસા, તા. ૨૭

ડીસામાં સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા અનેક રચનાત્મક અને સેવાત્મક પ્રવૃતિઓ વર્ષ દરમિયાન કરવામાં આવે છે જેમાં કુદરતી આફતો સમયે ,કોરોના મહામારી અને વિવિધ તહેવારો દરમિયાન અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે જેના ભાગ રૂપે તા. ૨૫/૧/૨૧ ને સોમવારના રોજ રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા પ્રૌઢ શિક્ષણના સુંદર એવા 'સ્વાભિમાન ' પ્રોજેક્ટનો શુભારંભ ડીસાના શ્રમજીવી વિસ્તારમાં કરવામાં આવ્યો હતો જેમાં સ્લમ વિસ્તારમાં રહેતા મોટાભાગના શ્રમિકોમાં સાક્ષરતાનું પ્રમાણ



ઘણું જ ઓછું હોય છે માટે આ શ્રમજીવી પરિવારની કુટુમ્બ ની નિરક્ષાર મહિલાઓ તેમજ ભાઈઓ કેવી રીતે લખી વાંચી શકે ?તેવા ઉમદા વિચાર સાથે ડીસા રોટરી ડીવાઈન દ્વારા સ્વંભિમાન પ્રોજકટ અંતર્ગત પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે તેમજ આ પ્રોજેક્ટ આખા વર્ષ દરમિયાન ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેનો સોમવારે શુભારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે રોટરી કલબ ડીસા ડીવાઈનના પ્રમુખ ડો. રીટાબેન પટેલ , સેક્રેટરી ડો.અવની ઠક્કર, એ.જી. રોટે.પ્રવીણ વ્યાસ, પ્રોજેક્ટ ચેરમેન સપના પટેલ,ડો. વર્ષા પટેલ,અરુણા શર્મા તથા પ્રોજેક્ટના મુખ્ય દાતા મનીષભાઈ પટેલ, તથા હીનલ,ગીતાબેન,અલ્પા, રમીલાબેન,નીરુબેન જયશ્રી અને રોટરીના ઘણા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં ૭૨માં પ્રજાસત્તાક પર્વની રંગારંગ દબદબાભેર ભવ્ય ઉજવણી

### મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાયું

મોડાસા, તા. ૨૭

કોરોના સંક્રમણ વચ્ચે પણ દેશભક્તી યથાવત જોવા મળી હતી અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૨૬ જાન્યુઆરી ૭૨ મા પ્રજાસત્તાક પર્વની આન,બાન,શાન સાથે રાષ્ટ્રધ્વજ ત્રિરંગા લહેરાવી સલામી આપી રંગારંગ દબદબાભેર ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.મોડાસા શહેર ૭૨ મા પ્રજાસત્તાક દિન નીમીત્તે શહેરની સરકારી કચેરીઓ સહીત શહેર પણ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું શહેરના દરેક વિસ્તારમાં દેશભક્તિના ગીતો સતત દિવસભર ગુંજતા રહ્યા હતા.શહેરના નગરજનોમા ૭૨ મા પ્રજાસત્તાક પર્વનો અલભ્ય ઉત્સાહ વર્તાતો હતો શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ,સરકારી કચેરીઓ, મોડાસા નગરપાલિકા,તાલુકા પંચાયત ,જિલ્લા પંચાયત,રાજકીય પક્ષોએ અને શહેરીજનોએ ૭૨ મા



પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો શહેરીજનો તેમના નજીકના વિસ્તારમાં થતા ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહી ત્રિરંગા ને સલામી આપી હતી

મોડાસા શહેરની લાયન્સ કલબ, મોડાસા નગરપાલિકા, શૈક્ષણિક સંસ્થાઓ જેવીકે મોડાસા કેળવણી મંડળ, ધી.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ,મખદૂમ કેળવણી મંડળ, મદની હાઈસ્કૂલ, સરસ્વતી વિદ્યાલય,ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલ મંદિર મંડળ, સહીત અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૭૨ મા પ્રજાસત્તાક દિન નીમીત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

૬૭ મા વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમ અને ગરીબ વર્ગ ના બાળકોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સરસ્વતી બાલ મંદિર મંડળ ની ડીપ વિસ્તારની શાખામાં ૭૨માં મા પર્વની ઉજવણી માં મોડાસાના ખ્યાતનામ સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ ડૉ.રવી પ્રજાપતીના હસ્તે ધવજવંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મંડળના પ્રમુખ નિલેશ જોશી તેમજ વિનોદ પટેલ,નાન્હા કાકા,રમેશ કડિયા,અલ્પેશ ગાંધી,મુકુંદ શાહ અને હોદેદારો ની ઉપસ્થિતિ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક હિમાંશુ વ્યાસે કર્યું હતું.

# પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ

### જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી દ્વારા લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું : તાલુકા પંચાયત થી વિવિધ પોસ્ટરો બેનરો સાથે બાઇક રેલી નિકળી : પ્રાંતિજ તાલુકાના પ્રાથમિક શિક્ષકો દ્વારા બાઇક રેલીયોજી : પ્રાંતિજ બજાર, અમીનપુર, પોગલુ, પલ્લાચર, વદરાડ સહિત વિવિધ ગામોમાં રેલી યોજાઇ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઈ હતી જેમાં મતદારો ને વધુ માં વધુ મતદાન કરી મજબૂત લોકશાહિનું નિર્માણ થાયતે માટે શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ .

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી યોજાનાર છે જેમાં મતદારો વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહી નું નિર્માણ થાય તે માટે ચુંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ

તાલુકા પંચાયતથી પોસ્ટરો વિવિધ બેનરો સાથે બાઈક રેલી નિકળી હતી જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી હર્ષદભાઈ ચૌધરી દ્વારા લીલીઝંડી આપી રેલી નું પ્રસ્થાન કરાવ્યું હતું તો આ પ્રસંગે પ્રાંતિજ તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા , પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરા , તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કાળુસિંહ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ તાલુકા ના પ્રાથમિક શિક્ષકો દ્વારા મોટી સંખ્યામાં બાઈક સાથે જોડાયા હતા અને વિવિધ બેનરો પોસ્ટરો સાથે બાઈક રેલી નિકળી હતી જેમાં પ્રાંતિજ બજાર ચોક થી ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવીને અમીનપુર , પોગલુ , પલ્લાચર , વદરાડ સહિત ના વિવિધ ગામોમાં મતદાર જાગૃતિ અભિયાન રેલી નિકળી હતી.

### ગાયત્રી માતાને ત્રિરંગા શ્રુંગાર

# મોડાસા શહેરના ગાયત્રી ચેતના કેન્દ્રમાં પ્રજાસત્તાક પર્વમાં 'આસ્થા સાથે દેશભક્તિ'નો રંગ

મોડાસા, તા. ૨૭

કોરોના સંક્રમણ વચ્ચે પણ લોકોમાં દેશભક્તીનો જુવાળ યથાવત જોવા મળી રહ્યો છે ૭૨માં પ્રજાસત્તાકદિનની સમગ્ર દેશમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં



આવી હતી અરવલ્લી જીલ્લાના અબાલ,વૃદ્ધ સૌકોઈ દેશભક્તિના રંગે રંગાયા હતા ત્યારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા જાણીતા ગાયત્રી ચેતના કેન્દ્રમાં બિરાજતા ગાયત્રી માતાને ત્રિરંગાના વાઘા પહેરાવાતા મંદિર પરિસરમાં ગણતંત્ર દિવસનો રંગ છવાયો હતો ત્રિરંગા સ્વરૂપે ગાયત્રી માતાના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી ગાયત્રી માતાના ઉપાસક કમલેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર મંદિરના પૂજારી અને ઉપાસકો દ્વારા અનોખા વાઘા સાથે મંદિર પરિસર સજાવતા ''આસ્થા સાથે દેશભક્તિ'' નો માહોલ સર્જાયો છે.

૭૨ મા પ્રજાસત્તાક પર્વ નિમિતે મોડાસા ખાતેના ગાયત્રી ચેતના કેન્દ્રમાં શોભાયમાન વેદમાતા ગાયત્રીને તિરંગા રંગમાં શૃંગાર કરાતા ચેતના કેન્દ્રમાં રાષ્ટ્ર ભક્તિના દર્શન થયા હતા રાષ્ટ્રીય પર્વની ભાવના સાથે મોડાસા શહેરના આસપાસના ગાયત્રી ઉપાસકો રાષ્ટ્રની અખંડિતતા અને સીમા સુરક્ષા જળવાઈ રહે તે માટે તેમજ રાષ્ટ્ર ખૂબજ સમૃદ્ધિ અને સશક્તિકરણ માટે તેજ ગતિથી આગળ વધી ખૂબજ પ્રગતિ પામે અને કોરોના રુપી મહામારીના કારણે સામૂહિક સ્વાસ્થ્યની ચિંતામાંથી સમગ્ર દેશ તીવ્ર ગતિથી મુક્ત થાય એવી ભાવના ની માતાજીને પ્રાર્થના કરી હતી. સાથે આજના દિવસે સૌ ગાયત્રી ઉપાસકો પોતાના ઘેર સૌ પરિવારજનો દ્વારા વિશેષ પ્રાર્થના તેમજ દિપયજ્ઞ કરી રાષ્ટ્ર માટે ગાયત્રી મહામંત્ર દ્વારા વિશેષ આહુતિ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું



ઈડર તાલુકાની નેત્રામલી પ્રાથમિક શાળામાં ૭૨ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જનકભાઈ એલ.પટેલ (ડાયરેકટર, હેકઝોન ઈન્ટરકેમ પ્રા.લી.)ના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

# મુડેટી રચના પ્રાથમિક શાળામાં ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો

નેત્રામલી, તા.૨૭

ઈડર તાલુકા મુડેટી ગામ ખાતે ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે રચના પ્રાથમિક શાળામા ટ્રસ્ટના પ્રમુખ રેણુકાબેન એસ. ભાટીયા ના વરદ હસ્તે ધ્વજ વંદન કાર્યેક્રમ યોજાયો હતો. કોરોનાની ગાઈડ લાઈનના કારણે શાળામાં બાળકોની ગેરહાજરીમા કર્મેચારીગણ તથા વાલીઓની હાજરીમાં સોસિયલ ડિસ્ટન્સ સાથે કાર્યેક્રમની ઉજવણી કરવામાં આવી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યેક્રમનુ સમાપન કરવામાં આવ્યું હતુ.




# ભિલોડા પાસેના નાના ડોડીસરાની યુવતીએ લગ્નના ચાર જ માસમાં જીવન લીલા સંકેલી

ભિલોડા,તા.૨૫

ભિલોડા પંથકમાં કેટલાક સમયથી ગળે ફાંસો ખાઈ જીવન લીલા સમેટી લેવાની ઘટનાઓ દિન-પ્રતિ-દિન વધી રહી છે ત્યારે ભિલોડાના માંકરોડા પાસેની ગ્રીન પાર્ક સોસાયટીમાં થોડા સમય અગાઉ પ્રેમલગ્ન કરનાર યુવતીએ સાસરીયાના ત્રાસથી કંટાળી જઈ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ભિલોડા પંથકમાં સનસનાટી મચી ગઈ છે.ભિલોડા પોલીસએ મૃતક યુવતીના પિતાની ફરીયાદના આધારે પતિ,સાસુ,સસરા અને જેઠ વિરૂધ્ધ માનસિક,શારિરીક ત્રાસ અને આત્મહત્યાની દુષ્પ્રેરણા કરવા બદલ ૪ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા પાસેના નાના ડોડીસરા ગામના પ્રિયકાંતભાઈ ડુંડની ૧૯ વર્ષીય દીકરી તૃપ્તીએ ૪ માસ અગાઉ ભિલોડામાં રહેતા ડેનીસ પ્રફુલ્લભાઈ ડામોર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.બંન્ને પતિ,પત્ની તરીકે રહેતા હતા.યુવતીને સાસુ,સસરા અને જેઠ ધ્વારા ત્રાસ અપાતા હોવાની તેમજ પતિ ધ્વારા મારઝુડ કરતા યુવતી પિતાના ઘરે રીસાઈને ગઈ હતી તે દરમ્યાન એકબીજાની સમજાવટથી તા.૧૬ નવેમ્બર - ૨૦૨૦ ના રોજ સાસરીમાં મોકલી હતી અને માનસિક શારિરીક ત્રાસથી કંટાળી તા.૨૨ જાન્યુઆરી - ૨૦૨૧ ના રોજ તૃપ્તીબેનએ ગ્રીન પાર્ક સોસાયટીમાં મકાનના ઉપરના ભાગનો દરવાજો બંધ કરી પંખા સાથે લટકી જઈ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ગ્રીન પાર્ક સોસાયટી સહિત આખાય પંથકમાં ચકચાર મચી જવા પામી છે.ટુંકા લગ્ન જીવનમાં ક્યા કારણોસર તિરાડો પડી અને લગ્ન જીવન સમેટાયું અને યુવતીએ મોતને વ્હાલું કરતા યુવતીના પિતાએ સાસરીના ચાર ઈસમો (૧) ડેનીસ પ્રફુલ્લભાઈ ડામોર,પતિ (૨) અલ્પેશ પ્રફુલ્લભાઈ ડામોર (૩) પ્રફુલ્લ તીમોથીભાઈ ડામોર (૪) ઈન્દીરાબેન પ્રફુલ્લભાઈ ડામોર,તમામ રહે.જેસીંગપુર, તા.ભિલોડા,હાલ. રહે.ગ્રીન પાર્ક સોસાયટી, ભિલોડા વિરૂધ્ધ ફરીયાદ કરાતા પોલીસએ ઝીણવટભરી તપાસ આરંભી હોવાનું જાણવા મળ્યું છે.

# હવે બનાસના પશુઓને પણ આધાર કાર્ડ : પ્રજાસત્તાક દિને પશુપાલકોને બનાસ ડેરી દ્વારા ભેટ

### પશુ સારવાર, રસીકરણ અને પશુ સંવર્ધન માટે ઓનલાઈન મોબાઈલ એપનો ચેરમેનના હસ્તે શુભારંભ




પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના ૨૦ લાખ પશુઓને કાને કડી (ટેગ) મારી તેમની નોંધણીનું કામ પૂરું થયેલ છે. દ્દઢ્ઢઢ્મના સોફ્ટવેરમાં તેની એન્ટ્રી કરીને આ વર્ષથી પશુનો તમામ રેકોર્ડ જેવો કે રસીકરણ, બીજદાન, વિયાણ, દૂધ ઉત્પાદન વગેરે ડિજિટલ (ઓનલાઇન) ઉપલબ્ધ થશે જેના થકી પશુની વૈશ્વિક ઓળખ શક્ય બનતા તેના દૂધ અને દૂધની બનાવટોનો વૈશ્વિક સ્તરે વેચાણમાં ખૂબ મોટો ફાયદો થશે. જેનો લાંબે ગાળે પશુપાલકને બહુ મોટો આર્થિક ફાયદો થશે.

બનાસડેરી દ્વારા ડિજિટલ ડેરી પ્રોજેક્ટ અંતર્ગત બીમાર પશુની સારવાર, રસીકરણ અને પશુ સંવર્ધન અંગેની કામગીરી માટેની ઓનલાઈન મોબાઈલ એપનો પ્રજાસત્તાકદિને બનાસ ડેરી ખાતેથી શુભારંભ કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસકાંઠામાં દૂધના વ્યવસાય સાથે બનાસ ડેરી સાથે જોડાયેલા તમામ પશુપાલકોના ૨૦ લાખ પશુઓને માણસને મળે તેવો આધાર કાર્ડ એટલે કે ટેગીંગની વ્યવસ્થા ઊભી કરાઈ છે. ભારતમાં કોઈ જિલ્લામાં આવી કામગીરી થઈ હશે તેમાં બનાસકાંઠા મોખરે છે. તેમણે જણાવ્યું કે પશુઓ માટે ૨૫૦ જેટલા વેટરનરી ડોક્ટરોની ટીમ ૧૫૦ જેટલી પશુ મોબાઈલ ગાડી સાથે રાત દિન પશુ સારવાર માટે કાર્યરત જિલ્લો બનાસકાંઠા જિલ્લો છે. પશુ ને અપાતી સારવાર ઓનલાઈન થઈ શકે તે માટે એપના માધ્યમથી તેની સારવાર થશે, સારવારનો ડેટા અપડેટ થશે એટલું જ નહીં દ્દંજી સિસ્ટમથી ડોક્ટરનો પ્રવાસ પણ મોનિટર થવાથી પશુપાલકને પણ ખ્યાલ આવશે કે ડોક્ટર તેના ખેતરમાં ક્યારે પહોંચશે. સમગ્ર સિસ્ટમ પેપરલેસ થશે અને માનવીની જેમ જ પશુઓની સારવારનો ડેટા ઉપલબ્ધ થશે જેને કારણે પશુપાલકને પણ પોતાના પશુઓની સારવાર ક્યારે થઈ, કયા પ્રકારની થઈ તેની જાણકારી મળી રહેશે.

આ પ્રસંગે વાઈસ ચેરમેન ભાવાજી રબારી, ડિરેક્ટર અને બનાસ બેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, ડિરેક્ટર જોઈતાભાઈ પટેલ, પી.જે. ચૌધરી, શ્રી દિનેશભાઈ ભટોળ, શ્રી ભરતભાઈ પટેલ, ઈન્ચાર્જ એમ.ડી. શ્રી સંગ્રામભાઈ ચૌધરી સહિત બનાસડેરીના ઉચ્ચ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.